અપીલ અરજી નં.૨૯૫ તા.૧૦–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી યજુવેન્દ્ર જે. દુબે

સામાવાળાઃ– (૧)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
(૨) આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી યજુવેન્દ્ર જે. દુબેની તા.૬–૧૧–૦૯ ની અરજીથી (૧) આરોગ્ય વિભાગે મેળા સબંધિત શું નિયમના આદેશ આપ્યા હતા તેની વિગત.(૨) શહેરી વિકાસ પણ શું નિર્દેશ આપ્યા તેની વિગત. (૩) (મેળો સમ્પન્ન થયા પછી મ.ન.પા. વિભાગે શું રીપોર્ટ તૈયાર કર્યો હતો. (૪) મારી શિકાયત પછીના રીપોર્ટ મારી પાસે કેમ નથી મોકલવામાં આવ્યા તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૯૫/૨૦૦૯–૧૦

શ્રી યજુવેન્દ્ર જે. દુબેની તા.૬–૧૧–૦૯ ની અરજીથી (૧) આરોગ્ય વિભાગે મેળા સબંધિત શું નિયમના નિર્દેશ આપ્યા હતા તેની વિગત.(૨) શહેરી વિકાસ પણ શું નિર્દેશ આપ્યા તેની વિગત. (૩) મેળો સમ્પન્ન થયા પછી મ.ન.પા. વિભાગે શું રીપોર્ટ તૈયાર કર્યો હતો. (૪) મારી શિકાયત પછીના રીપોર્ટ મારી પાસે કેમ નથી મોકલવામાં આવ્યા તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૯૯૩ તા.૨૧–૧૧–૦૯ તથા આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.પીએચડી/આઅ/પીઆઈ/૨૬૩ તા.૪–૧૨–૦૯થી આપેલ માહિતીથી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૬ તા.૧૮–૧૨–૦૯ થી )એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ની વિગત તથા નારાજગી અંગેના આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.પીએચડી/આ.અ/પીઆઈ/૩૧૧ તા.૨૨–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.પીએચડી/આ.અ/પીઆઈ/૨૬૩ તા.૪–૧૨–૦૯ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, તથા લીંબાયતઝોનના તબદીલ પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૬–૧૧–૦૯ ની ઉપરોકત વિષય અને સંદર્ભે મુદ્દા નં.૧ થી ૪ અંગે કરેલ અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે લીંબાયતઝોનમાં અરજી કરવામાં આવેલ. જે લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન /લીંબાયત /આરટીઆઈ/૨૯૫૩ તા.૧૮–૧૧–૦૯ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર (હે. અને હો.) ને મુદ્દા નં.૧ અને ૩ અંગે તબદીલ કરવામાં આવેલ. જે અંગે તેઓ કક્ષાએથી મુદ્દા નં.૧ અને ૩ ની માહિતી પત્ર જાવક નં. પીએચડી/આ.અ/પી.આઈ/૨૬૩ તા.૪–૧૨–૦૯ થી માહિતી આપવામાં આવેલ છે. ૧.આરોગ્ય વિભાગ મેળા સબંધિત શું નિયમના આદેશ આપ્યો તેની વિગત. જે અંગે ફાયરખાતાની શરતો ચીફ ફાયર ઓફિસરના પત્ર નં.એફબી/સ્પે./૧૪૮૩ તા.૯–૧૦–૦૯ મુજબ નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે તેવા મુદ્દા નં.૧ થી ૬ ની શરતો આપેલ છે. તથા આરોગ્ય ખાતાની શરતો ૧. કાર્યક્રમના સ્થળે પીવાના શુધ્ધ પાણીની વ્યવસ્થા રાખવાની રહેશે. ૨. કાર્યક્રમની જગ્યામાં ટેમ્પરરી ટોયલેટ બ્લોક પ્લાનમાં દર્શાવ્યા મુજબ બનાવવાના રહેશે અને તેના ગંદા પાણીના નિકાલ માટે ટેમ્પરરી ડ્રેનેજ કનેકશન કરાવી તેના મારફત નિકાલ કરવાનું રહેશે. ૩. કાર્યક્રમના સ્થળે નિયમિત સફાઈ જાળવવા સફાઈ કામદારો રાખવા જેઓ સતત સફાઈ કામગીરી કરતા રહે. અને કચરો કચરાપેટીમાં એકત્ર કરે તેવી વ્યવસ્થા ગોઠવવી. ૪. કચરો એકત્ર કરવા માટે કાર્યક્ર મની જગ્યામાં જુદી જુદી જગ્યાએ ઢાંકણવાળા ડસ્ટબીન રાખવાના રહેશે. ૫. કાર્યક્રમ પૂરો થયા બાદ ટેમ્પરરી કંસ્ટ્રકશન ઉઠાવી લીધા બાદ તમામ જગ્યાની સંપૂર્ણપણે સફાઈ કરાવી લઈ તેની લેખિત જાણ આરોગ્ય વિભાગમાં કરવાની રહેશે. ૬. કાર્યક્રમના અર્થે આવનાર તમામ સ્ટાફનું મેડીકલ સર્ટીફીકેટ લેવાનું રહેશે. અને ચેપી રોગ હોવાવાળી વ્યકિતને સ્ટાફમાં રાખી શકાશે નહી. ૭. કાર્યક્રમ દરમ્યાન એચ–૧ અને એન–૧ ફલ્યુ સંદર્ભે રાખવાની સાવચેતી અંગે આ સાથે સામેલ અલગ સુચનાપત્ર મુજબની તમામ સુવિધા ઉપલબ્ધ કરવાની રહેશે. તે પૈકીની શરત મુજબ મેળાના સ્થળે એક મેડીકલ સ્ટોલ રાખવાનો રહેશે જેમાં એક ડોકટર હાજર રાખી મેળાની મુલાકાતીઓ ઉપર સતત ધ્યાન રાખે. શરદી ખાંસી તાવના લક્ષણવાળ ા વ્યકિતઓની તપાસ કરે. અને જેઓને શંકાસ્પદ સ્વાઈન ફલુ માલુમ પડે તો તેવા વ્યકિતઓને વધુ સારવાર માટે નિયત કરેલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે અને તેની તમામ વિગત સહિતની જાણ તાકીદે આરોગ્ય વિભાગમાં કરે તેવી વ્યવસ્થા કરવાની રેહેશે. ૮. એચ–૧, એન–૧ ફલુ સંદર્ભે નાગરિકોની જાગૃતિ અને જાણકારી માટે આપવામાં આવેલ નમુના મુજબના પોસ્ટર્સ તૈયાર કરાવી કાર્યક્રમના સ્થળે અગત્યની જગ્યાએ લગાડવાના રહેશે અને ખાસ સૂચનાઓ કાર્યક્રમ દરમ્યાન એનાઉન્સમેન્ટ સીસ્ટમ ધ્વારા અવારનવાર એનાઉન્સ કરવાનું રહેશે. ૯. " તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ " નું ચુસ્તપણે પાલન કરવા/કરાવવાનું રહેશે.

નોંધઃ– કાર્યક્રમમાં આયોજન અંગે એકઝી. એન્જી. સા.ઈ.ઝોન(લીંબાયત) ટેમ્પરરી સ્ટ્રકચર અંગેની પરમીશન નં.સા.ઈ.ઝોન/ટેક./૩૩૬૭ તા.૧૬–૧૦–૦૯ ની શરતોનું પાલન કરવાનું રહેશે. તથા મુદા નં.૩ અંગે મેળાના સંપન્ન થયા પછી મહાનગરપાલિકા વિભાગે રીપોર્ટ તૈયાર કર્યા હતાં તેની વિગત. તેવા પ્રશ્નના જવાબમાં કાર્યક્રમ બાદ સદર વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.ર અને ૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નં.સા.ઈ.ઝોન/મહેકમ /ર૯૯૩ તા.ર૧–૧૧–૦૯ થી તથા નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૧૩૯ તા.૪–૧ર–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.ર અંગે શહેર વિકાસ વિભાગ ધ્વારા પ્રવર્તમાન નિતિનિયમ અનુસાર મેળાના આયોજન માટે ટેમ્પરરી સ્ટ્રકચર ઉભું કરવા માટે ડી.સી.આર કલોઝ ૧૬.ર૧ અને ૧૬.રર માં દર્શાવેલ નિયમોના અનુસંધાને પરવાનગી આપવામાં આવેલી હતી. (૪) મારી શિકાયત પછીના રીપોર્ટ મારી પાસે કેમ નથી મોકલવામાં આવ્યા તેની માહિતી આપવા બાબતે અરજીમાં જણાવ્યા મુજબની કોઈ ફરીયાદ અરજી શહેર વિકાસ વિભાગને મળેલ નથી. તથા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ર૯૯૩ તા.ર૧–૧૧–૦૯ થી પ્રશ્ન ૪ બાબતે ગોડાદરા ગામ ખાતે પ્રસિધ્ધ આસ્તિક ઋષિના મંદિર ખાતે પૂર્વજોના વખતથી દિવાળીના તહેવારો દરમ્યાન પરંપરાગત રીતે ધાર્મિક મેળાનું આયોજન થાય છે તે મુજબ આ વર્ષે પણ સદર સ્થળે ધાર્મિક મેળાનું આયોજન થયેલ હતું જે બાબતે આપના તરફથી ઉપરોકત જણાવેલ વિષય અરજીમાં પૂછાયેલ મારી શિકાયત પછીના રીપોર્ટ મારી પાસે કેમ નથી મોકલવવામાં આવ્યા? તેના સંદર્ભે ફરીયાદ મુજબ મેળા દરમ્યાન ફરીયાદનો નિકાલ કરાવી રોજીંદા મુલાકાત દરમ્યાન રૂબરૂમાં થયેલ નિકાલ ફરીયાદની જાણ કરવામાં આવેલ છે. આમ અરજદારને મુદા નં.૧ થી ૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે. અરજદારે લીંબાયતઝોનના આરોગ્ય અધિકારી તરફથી પ્રશ્ન નં.૪ નો જવાબ બરાબર નથી તેમજ લીંબાયતઝોન શહેર વિકાસ અધિકારી તરફથી શહેર વિકાસના નિતિ નિયમ અને ટેમ્પરરી સ્ટ્રકચરના ડીસીઆર શું છે તે જવાબ નથી. તથા મેળા દરમ્યાન તમે શું તપાસ કરો છો અને શું કાર્યવાહી કરો છો તે બાબતે રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે જવાબ બરાબર નથી તેમાં કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. જયારે અન્ય પ્રશ્નો મળેલા જવાબમાંથી અપીલ તબકકે ઉત્પન્ન કરેલ પૂરક પ્રશ્નોની રજૂઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે

(ર) શ્રી યર્જુવેન્દ્ર જયપ્રકાશ દુબે,